# ભારતમાં અંબુજા સિમેન્ટ કંપનીના કુલ મિલકતોના ચલનદરનું વિશ્લેષણ(2007 થી 2016)

જીનલબેન ધનસુખભાઈ ટંડેલ
એમ.કોમ, બી.એડ, GSET-કોમર્સ

## 1. સંશોધનસાર

પ્રસ્તુત અભ્યાસ માટે પસંદ કરેલ કંપની BSE અને NSE માં નોંધાયેલ છે. તેના વાર્ષિક હિસાબો પ્રકાશિત થતા હોય છે. આથી 'ભારતમાં અંબુજા સિમેન્ટ કંપનીનું કુલ મિલકતોના ચલનદરનું વિશ્લેષણ' વિષય પર સંશોધન કાર્ય હાથ ધર્યુ હતું. જેમાં કેટલાક હેતુઓ નક્કી કરવામાં આવ્યા હતા. આ હેતુઓ આધારીત કંપનીઓના પ્રકાશિત થતા વાર્ષિક હિસાબોમાંથી ગૌણ માહિતી પ્રાપ્ત કરવામાં આવી હતી. ત્યારબાદ પ્રાપ્ત કરેલ માહિતીના આધારે ગુણોત્તર વિશ્લેષણ અને વલણ વિશ્લેષણ જેવી નાણાકીય અને આંકડાકીય પધ્ધતિનો ઉપયોગ કરી સંશોધનને વૈજ્ઞાનિક ઓપ આપવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનના નીચે મુજબ મુખ્ય તારણો મળ્યા હતા.

૧. અંબુજા સિમેન્ટ કંપનીએ સંપુર્ણ નાણાકીય મજબૂતાઈ જાળવી રાખી છે.
૨ અંબુજા સિમેન્ટ કંપનીએ નફાકારકતા જાળવી રાખી છે.
3. અંબુજા સિમેન્ટ કંપનીનું પર્ફોમન્સ પ્રગતિના પંથે છે.
૪. અંબુજા સિમેન્ટ કંપનીનું ભાવિ ઉજળુ છે.
5. અંબુજા સિમેન્ટ કંપની પોતાના ધંધામાં મિલકતોનો ઉપયોગ કાર્યક્ષમતાપુર્વક કરે છે.
6. અંબુજા સિમેન્ટ કંપની પોતાના ધંધામાં વેચાણની પ્રક્રિયા માટે તેની મિલકતનો ઉપયોગ કાર્યક્ષમ રીતે કરે છે.

કંપનીએ પોતાના ધંધાની કાર્યક્ષમતાનો દર જાળવી રાખ્યો છે. કંપનીએ પોતાની નફાકારકતા જાળવી રાખી છે. 51% ના સ્તરે કહી શકાયકે આ કંપનીનો કુલ મિલકતોનો ચલનદરમાં 0.04% ના દરે થોડા અંશે દર વર્ષે ઘટાડો થઈ રહ્યો છે. આથી કંપનીએ કુલ મિલકતોનો ચલનદર જાળવી રાખ્યો છે. કુલ મિલકતોના ચલનદર સમગ્ર સમયગાળા દરમિયાન સ્થિર રહ્યો હતો. વેચાણના સંદર્ભમાં મિલકતોનો ઉપયોગ કાર્યક્ષમપૂર્વક થયો છે. ભવિષ્યમાં પણ કંપનીની કાર્યક્ષમતા અને નફાકારકતા સારી હશે ભવિષ્યમાં પણ કંપનીની વેચાણના સંદર્ભમાં મિલકતોનો ઉપયોગ કાર્યક્ષમતાપુર્વક કરશે. કંપની પોતાની નફાકારકતા જાળવી રાખશે.

## 2. પ્રસ્તાવના

ભારતના ઔદ્યોગિક વિકાસમાં સિમેન્ટ ઉદ્યોગોનો ફાળો પણ ખુબ જ મહત્વપૂર્ણ છે. ભારત વિશ્વમાં બીજું સૌથી મોટું સિમેન્ટ ઉત્પાદક દેશ છે. ભારતનું સિમેન્ટ ઉદ્યોગ તેની અર્થવ્યવસ્થાનો એક મહત્વપૂર્ણ ભાગ છે, જે સીધા અથવા પરોક્ષ રીતે મિલિયનથી વધુ લોકોને રોજગારી પૂરી પાડે છે. જ્યારથી 1982 માં તેને અંકુશમુક્ત કરવામાં આવ્યો ત્યારથી, ભારતીય સિમેન્ટ ઉદ્યોગમાં ભારતીય અને વિદેશી રોકાણકારો બંનેએ વિશાળ રોકાણ આકર્ષ્યા છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને બાંધકામ ક્ષેત્રે વિકાસ માટે ભારત પાસે ઘણી સંભાવના છે અને સિમેન્ટ ક્ષેત્રે તેનાથી મોટેભાગે ફાયદો થવાની ધારણા છે. તાજેતરના કેટલાક મોટા પહેલ જેમ કે 98 સ્માર્ટ સિટીના વિકાસને કારણે આ ક્ષેત્રને મોટો પ્રોત્સાહન મળી શકે છે.

અંબુજા સિમેન્ટ્સ લિમિટેડ, અગાઉ ગુજરાત અંબુજા સિમેન્ટ લિમિટેડ તરીકે ઓળખાતી હતી, તે ભારતની મુખ્ય સિમેન્ટ ઉત્પાદક કંપની છે. કંપનીએ 2006 થી વિશ્વની બીજા ક્રમની સૌથી મોટી સિમેન્ટ ઉત્પાદક હોલસીમ સાથે વ્યૂહાત્મક ભાગીદારીમાં પ્રવેશ કર્યો છે. સિમેન્ટ ઉત્પાદન ઉદ્યોગમાં અંબુજા સિમેન્ટ સૌથી સ્પર્ધાત્મક અને ટકાઉ કંપની બનવાની ઈચ્છા ધરાવે છે. ટકાઉ રીતે કામ કરવું એ ફક્ત વ્યવસાયિક આવશ્યક નથી પરંતુ કંપનીને સ્પર્ધાત્મક ફાયદો પણ પૂરો પાડે છે. કંપની ફક્ત

તેના નફા દ્વારા માપી શકાતી નથી; તેનું સાચું મૂલ્ય લોકો અને પર્યાવરણને જે આપે છે તે છે. આમ, અંબુજા સિમેન્ટ કંપનીનું ભારતના ઔદ્યોગિક વિકાસમાં ઘણું પ્રદાન છે. ભારતીય અર્થતંત્રના વૃધ્ધિ અને વિકાસમાં આ અંબુજા સિમેન્ટ કંપનીની અસર કેવી થઈ છે ? આ કંપનીનું ભાવિ કેવું હશે ? આ કંપનીની નાણાકીય કામગીરી કેવી છે ? આ કંપનીની નફાકારકતા કેવી છે ? આ કંપનીની કાર્યક્ષમતા કેવી છે ? વગેરે જેવા પ્રશ્નોના ઉત્તર મેળવવા માટે સંશોધકે પ્રસ્તુત અભ્યાસ માટે ' ભારતમાં અંબુજા સિમેન્ટ કંપનીના કુલ મિલકતોના ચલનદરનું વિશ્લેષણ (2007 થી 2016)' વિષય પસંદ કર્યો હતો.

## 3. સંશોધનની સમસ્યા

અધ્યેતાએ નીચે જણાવેલ સંશોધનની સમસ્યા પસંદ કરેલ હતી.

"ભારતમાં અંબુજા સિમેન્ટ કંપનીના કુલ મિલકતોના ચલનદરનું વિશ્લેષણ (2007 થી 2016)"

## 4. સંશોધનના હેતુઓ

પ્રસ્તુત સંશોધન માટે નીચે જેવા હેતુઓ નિર્ધારિત કર્યા હતા.

1. અંબુજા સિમેન્ટ કંપનીની નાણાકીય કામગીરીનું વિશ્લેષણ અને મૂલ્યાંકન કરવા
2. અંબુજા સિમેન્ટ કંપનીની વૃધ્ધિ અને વિકાસ જાણવા
3. અંબુજા સિમેન્ટ કંપનીનું ભવિષ્ય ઊજળુ હશે કે નબળુ હશે તે જાણવા.
4. અંબુજા સિમેન્ટ કંપનીનું વર્ષ દરમિયાનનું પરફોર્મન્સ કેવું છે પ્રગતિના પંથે છે, કે સ્થિરતાના પંથે. છે, કે અધોગતિના પંથે છે તે જાણવા.
5. અંબુજા સિમેન્ટ કંપનીની નફાકારકતા જાણવા.
6. અંબુજા સિમેન્ટ કંપનીની કાર્યક્ષમતા જાણવા.

## 5. સંશોધનનું મહત્વ

કોઈ પણ સંશોધન સમસ્યાનો ઉકેલ શોધવા માટે કરવામાં આવે છે. પ્રસ્તુત સંશોધનનું મહત્વ નીચે પ્રમાણે સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

1. પ્રસ્તૃત સંશોધન રોકાણકારોને ઉપયોગી બનશે આ કંપનીમાં શૅરમાં રોકાણ કરવું ફાયદાકારક છે કે નુકશાનકારક છે તે અંગેનો નિર્ણય લેવામાં ઉપયોગી બનશે.
2. પ્રસ્તૃત સંશોધન બેન્ક નાણા ધીરનારાઓને પણ આ કંપનીમાં ધિરાણ કરવા અંગેના મહત્વના નિર્ણયો લેવામાં મદદરુપ બનશે.
3. પ્રસ્તૃત સંશોધન રીસર્ચ સ્કોલરને પણ સંદર્ભસાહિત્ય તરીકે યોગ્ય નિર્ણય લેવામા મદદ રૂપ બનશે .
4. પ્રસ્તૃત સંશોધન સરકારને મહત્વના નિર્ણયો લેવામાં અને કરવેરા અધિકારીઓને પણ કરનું આયોજન કરવામાં ઉપયોગી બનશે.
5. પ્રસ્તૃત સંશોધન બિઝનેશમેન પણ કે જેઓ સિમેન્ટ કંપની સાથે સંકળાયેલા છે. કંપનીનું નાણાકીય કામગીરીનું પર્ફોમન્સ જાણી
   શકશે. અને જે કાંઈ સુધારો – વધારો કરવાનો હોય તેના વિશે યોગ્ય નિર્ણય લઈ શકશે.

## 6. સંશોધનનું સીમાંકન

સંશોધન વિશાળ ક્ષેત્ર છે. તેમા સમય, શક્તિ અને નાણાનો વ્યય થાય છે. પ્રસ્તૃત સંશોધનમાં નીચે જેવી મર્યાદાઓ બની રહી હતી.

1. પ્રસ્તૃત સંશોધન પસંદ કરેલ અંબુજા સિમેન્ટ કંપની પૂરતો મર્યાદિત હતો.
2. પ્રસ્તૃત સંશોધન અંબુજા સિમેન્ટ કંપનીના પ્રકાશિત થતા વાર્ષિક હિસાબો પરથી મેળવેલ ગૌણ ડેટા પર આધારિત હતો.

3. પ્રસ્તુત સંશોધન 2007 થી 2016 નો સમયગાળો પૂરતો મર્યાદિત હતો.
4. પ્રસ્તુત સંશોધન કંપનીના નાણાકીય કામગીરીનું વિશ્લેષણ કરવા માટે કુલ મિલકતોના ચલનદરનું ગુણોત્તર વિશ્લેષણ અને વલણ વિશ્લેષણ જેવી પધ્ધતિ પૂરતો મર્યાદિત હતો.

## 7. અભ્યાસના ક્ષેત્રની પસંદગી

ભારતમાં સિમેન્ટ બનાવતી ઘણી કંપનીઓ છે. જે BSE, NSE માં નોંધાયેલી છે. આ કંપનીના વાર્ષિક હિસાબો સરળતાથી મળી રહે છે. પ્રસ્તૃત અભ્યાસ માટે અંબુજા સિમેન્ટ કંપનીને પસંદ કરવામાં આવી હતી. અંબુજા સિમેન્ટ્સ લિમિટેડ, અગાઉ ગુજરાત અંબુજા સિમેન્ટ લિમિટેડ તરીકે ઓળખાતી હતી, તે ભારતની મુખ્ય સીમેન્ટ ઉત્પાદક કંપની છે. સિમેન્ટ ઉત્પાદન ઉદ્યોગમાં અંબુજા સિમેન્ટ સૌથી સ્પર્ધાત્મક અને ટકાઉ કંપની બનવાની ઈચ્છા ધરાવે છે. આ કંપની મોટા કદની છે. આ કંપનીના શેરનું મૂલ્ય પણ ઊંચુ છે. ઘણા વર્ષોથી આ કંપની પોતાના માટે એક ઊંચ્ચ સ્થાન પ્રાપ્ત કરવાની ક્ષમતા ધરાવે છે. આમ, અંબુજા સિમેન્ટ કંપનીનું સિમેન્ટ ઉત્પાદન ઉદ્યોગમાં ઘણું પ્રદાન છે. આમ, અંબુજા સિમેન્ટ્સ કંપનીની આ હેતુપુર્વક પસંદગી કરવામાં આવી હતી.

## 8. માહિતી એકત્રીકરણની રીત

પ્રસ્તૃત સંશોધન ગૌણ ડેટા આધારીત હતો.પસંદ કરેલ કંપની BSE, NSE માં નોંધાયેલ છે. તેના હિસાબો પ્રકાશિત થતા હોય છે. આ કંપનીના પ્રકાશિત થતા વાર્ષિક હિસાબોમાંથી ગૌણ ડેટા મેળવવામાં આવ્યા હતા.

## 9. અભ્યાસના સમયગાળો

પ્રસ્તૃત સંશોધનનો સમયગાળો 2007 થી 2016 નો પસંદ કરવામાં આવ્યો હતો.

## 10. પૂર્વધારણા

Ho ભારતમાં અંબુજા સિમેન્ટ કંપનીના કુલ મિલકતોના ચલનદરના વલણમાં કોઇ તફાવત નથી

H1 ભારતમાં અંબુજા સિમેન્ટ કંપનીના કુલ મિલકતોના ચલનદરના વલણમાં તફાવત છે.

## 11. માહિતીનું વિશ્લેષણ

ગુણોત્તર વિશ્લેષણ દ્વારા પ્રાપ્ત કરેલ ગૌણ માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પસંદ કરેલ અંબુજા સિમેન્ટ કંપનીના વાર્ષિક હિસાબોના આધારે કુલ મિલકતોના ચલનદર શોધી વલણ વિશ્લેષણ દ્વારા અર્થઘટન કરવામાં આવ્યું હતું.

## 12. કુલ મિલકતોના ચલનદરનું ગુણોત્તર વિશ્લેષણ

ગુણોત્તર વિશ્લેષણ દ્વારા પ્રાપ્ત કરેલ ગૌણ માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પસંદ કરેલ અંબુજા સિમેન્ટ કંપનીના વાર્ષિક હિસાબોના આધારે કુલ મિલકતોના ચલનદરનો ગુણોત્તર શોધી અર્થઘટન કરવામાં આવ્યું હતું.

ધંધાની કાર્યક્ષમતા અને નફાકારકતા માપવા માટે વેચાણ સાથે કુલ મિલકતો સરખાવવામાં આવે છે. ધંધામાં જે નાણા રોકવામાં આવે છે તેના દ્વારા બધી મિલકતો ખરીદી તેમાં રોકવામાં આવે છે. અને તેના દ્વારા વેચાણ કરી નફો કમાવવામાં આવે છે. તેથી વેચાણ સાથે કુલ મિલકતોનું પ્રમાણ કેટલું છે તે જાણવા કુલ મિલકતોના ચલનદર ઉપયોગી છે. તે માટે નીચેના સુત્રનો ઉપયોગ થાય છે.

કુલ મિલકતોનો ચલનદર = વેચાણ / કુલ મિલકત

કુલ મિલકતોના ચલનદરનું ગુણોત્તર વિશ્લેષણ દર્શાવતો કોષ્ટક નીચે મુજબ છે.

**કોષ્ટક નં 1**

| વર્ષ | ચોખ્ખું વેચાણ (કરોડમાં) | કુલ મિલકતો(કરોડમાં) | કુલ મિલકતોનો ચલનદર |
|---|---|---|---|
| 2007 | 5671.39 | 4991.67 | 1.14 |
| 2008 | 6182.09 | 5961.54 | 1.04 |
| 2009 | 7083.21 | 6636.60 | 1.07 |
| 2010 | 7371.52 | 7395.13 | 1.00 |
| 2011 | 8554.26 | 8112.24 | 1.05 |
| 2012 | 9730.30 | 8839.69 | 1.10 |
| 2013 | 9160.35 | 9514.69 | 0.96 |
| 2014 | 9978.12 | 10122.42 | 0.99 |
| 2015 | 9461.40 | 10329.55 | 0.92 |
| 2016 | 9196.64 | 19372.60 | 0.48 |

(પ્રાપ્તિસ્થાન : વાર્ષિક અહેવાલ www.Ambujacementcompany.com)

ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય કે અભ્યાસના વર્ષોમાં કંપનીના કુલ મિલકતોનો ચલનદરના ગુણોત્તરમાં વધઘટ થઈ રહી છે. આથી કહી શકાય કે અભ્યાસના વર્ષોમાં કંપનીના વેચાણના સંદર્ભમાં મિલકતોનો ઉપયોગની કાર્યક્ષમતામાં અને નફાકારકતામાં વધઘટ થઇ રહી છે. આથી કહી શકાય કે કંપનીએ પોતાના વેચાણના સંદર્ભમાં કુલ મિલકતોનો ચલનદર જાળવી રાખ્યો છે. કંપનીએ પોતાની નફાકારકતા અને કાર્યક્ષમતા જાળવી રાખી છે.

## 13. કુલ મિલકતોના ચલનદરનું વલણ વિશ્લેષણ

વલણ વિશ્લેષણ દ્વારા પ્રાપ્ત કરેલ ગૌણ માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પસંદ કરેલ અંબુજા સિમેન્ટ કંપનીના વાર્ષિક હિસાબોના આધારે કુલ મિલકતોનો ચલનદરનું વલણ શોધી અર્થઘટન કરવામાં આવ્યું હતું.

કુલ મિલકતોનો ચલનદરનું વલણ વિશ્લેષણ દર્શાવતો કોષ્ટક નીચે મુજબ છે.


**કોષ્ટક નં 2**

| વર્ષ | મિલકતોના ચલનદર |
|---|---|
| 2007 | 1.14 |
| 2008 | 1.04 |
| 2009 | 1.07 |
| 2010 | 1 |
| 2011 | 1.05 |

| વર્ષ | મિલકતોના ચલનદર |
|---|---|
| 2012 | 1.1 |
| 2013 | 0.96 |
| 2014 | 0.99 |
| 2015 | 0.92 |
| 2016 | 0.48 |

કુલ મિલકતોનો ચલનદરનું વલણ વિશ્લેષણ દર્શાવતો ચાર્ટ નીચે મુજબ છે.

ચાર્ટ નં 1




ઉપરોક્ત વલણ શોધ પરીક્ષણમાંથી કહી શકાય કે કુલ મિલકતોનો ચલનદરની શ્રેણીમાં વલણ જોવા મળે છે ફીટ રેખીય રીગ્રેશન લાઈનથી $R^2$ નું મૂલ્ય 0.512 છે, જેથી આપણે કહી શકીએ કે આ મોડેલ યોગ્ય છે, 51% ના કક્ષાએ કહી શકાય કે કુલ મિલકતોનો ચલનદરમાં 0.04% ના દરે થોડા અંશે દર વર્ષે ઘટાડો થઈ રહ્યો છે. આથી કંપનીએ કુલ મિલકતોનો ચલનદર જાળવી રાખ્યો છે. આથી નિષ્કર્ષ પર આવી શકાય કે કુલ મિલકતોનો ચલનદરની શ્રેણીમાં વલણ શોધી શકાય છે. કુલ મિલકતોનો ચલનદર સમગ્ર સમયગાળા દરમિયાન સ્થિર જોવા મળે છે. 51% ના સ્તરે કહી શકાયકે નફામાં 0.04 % ના દરે થોડા અંશે દર વર્ષે ઘટાડો થઈ રહ્યો છે. આથી કંપનીએ કુલ મિલકતોનો ચલનદર જાળવી રાખ્યો છે, ભવિષ્યમાં પણ કંપનીની વેચાણના સંદર્ભમાં મિલકતોનો ઉપયોગ કાર્યક્ષમતાપુર્વક કરશે. કંપની પોતાની નફાકારકતા જાળવી રાખશે. અંબુજા સિમેન્ટ કંપનીની નાણાકીય કામગીરી સારી રહશે.

## 14. તારણો

1. અંબુજા સિમેન્ટ કંપની દેશના વ્રુધ્ધિ અને વિકાસમાં મહત્વનો ફાળો આપ્યો છે.
2. અંબુજા સિમેન્ટ કંપનીનું ભવિષ્ય સારું છે.
3. અંબુજા સિમેન્ટ કંપનીની નાણાકીય કામગીરી સારી છે.
4. અંબુજા સિમેન્ટ કંપનીની નફાકારકતા સારી છે.
5. અંબુજા સિમેન્ટ કંપની પોતાના ધંધામાં મિલકતોનો ઉપયોગ કાર્યક્ષમતાપુર્વક કરે છે.
6. અંબુજા સિમેન્ટ કંપની વેચાણની પ્રક્રિયા માટે તેમની મિલકતનો ઉપયોગ કાર્યક્ષમ રીતે કરે છે.

## 15. સંદર્ભગ્રંથો

1. Desai, H.G and K.G (1192)"Research Methodology and Techniques" Ahmadabad. University, Granthnirman Board Gujarat state.
2. Economics and political weekly journal feb 17,2007
3. Finance india vol,no 3,2003 Agrawal j.d.
4. Financial Manegment ,text & problems M.Y.khan & P.K Jain (third edition)
5. India journal of Marketing September 2006
6. Indian express Magazine
7. Time of Economics Magazine
8. www.Ambujacementcompany.com
9. www.economicstime.Indiatimes
10. www.trai.gov.in